RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 313 * Date: 04.9.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# રસ્તા પર ખાડાથી ત્રસ્ત વાહનચાલકોએ 'પોઈન્ટ'ની પણ ચિંતા કરવી પડશે, સરકાર લાવી રહી છે 'ગ્રેડિંગ સિસ્ટમ'




કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ભારતમાં ડ્રાઈવિંગ લાઈસન્સ માટે નવી 'નેગેટિવ પોઈન્ટ ગ્રેડિંગ સિસ્ટમ'ની જાહેરાત કરી છે. આ પ્રણાલી હેઠળ, ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર ચાલકના લાઈસન્સમાંથી પોઈન્ટ કપાશે. નિર્ધારિત મર્યાદા વટાવતા લાઈસન્સ સસ્પેન્ડ કે રદ થશે. સારા ડ્રાઈવરોને ઈન્શ્યોરન્સ પ્રીમિયમમાં છૂટ મળી શકે છે. આનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતો ઘટાડવાનો છે.

. જો તમે ભારતમાં વાહન ચલાવો છો કે નવું ડ્રાઈવિંગ લાઈસન્સ લેવાનું વિચારી રહ્યા છો, તો કેન્દ્ર સરકાર તમારા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી છે કે સરકાર વાહનચાલકો માટે નવી 'ગ્રેડિંગ સિસ્ટમ' લાગુ કરવાની યોજના બનાવી રહી છે. આ નવી સિસ્ટમ હેઠળ ટ્રાફિક નિયમોના દરેક ઉલ્લંઘન પર ચાલકના લાઈસન્સમાંથી ચોક્કસ પોઈન્ટ કાપી લેવામાં આવશે.

જો વારંવાર નિયમો તોડવાના કારણે આ નેગેટિવ પોઈન્ટ્સ નિર્ધારિત મર્યાદા વટાવી જશે, તો ચાલકનું ડ્રાઈવિંગ લાઈસન્સ ચોક્કસ સમય માટે સસ્પેન્ડ કરી દેવામાં આવશે અથવા વધુ ગંભીર કિસ્સાઓમાં કાયમી ધોરણે રદ પણ થઈ શકે છે.

સિગ્નલ તોડવું, ઓવરસ્પીડિંગ કે રોંગ સાઈડ ડ્રાઈવિંગ જેવા દરેક ટ્રાફિક વાયોલેશન પર લાઈસન્સમાંથી નેગેટિવ પોઈન્ટ કપાશે.

જ્યારે નેગેટિવ પોઈન્ટ્સનો આંકડો નક્કી કરેલી થ્રેશોલ્ડ લિમિટથી વધી જશે, ત્યારે લાઈસન્સ સસ્પેન્ડ થશે અને વારંવાર આવું કરનારા ટેવાયેલા ગુનેગારોનું લાઈસન્સ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે.

નીતિન ગડકરીના જણાવ્યા મુજબ, સરકાર જવાબદાર વાહનચાલકો અને વારંવાર નિયમો તોડનારા લોકો વચ્ચે સ્પષ્ટ ભેદરેખા ઊભી કરવા માંગે છે.

# કડીના ખેરપુરમાં બંધ મકાનમાંથી લાખોની ચોરી



મહેસાણા જિલ્લાના કડી તાલુકા સ્થિત ખેરપુર ગામે એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ ૧.૩૧ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. મૂળ ખેરપુરના વતની અને હાલ કડી ખાતે રહી ખેતીકામ કરતાં પ્રવીણભાઈ પ્રજાપતિના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરીના લોકરમાંથી કિંમતી સામાનની ઉઠાંતરી કરી હતી. આ બનાવ સંદર્ભે ઘરમાલિકે નંદાસણ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે .બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી પ્રવીણભાઈ ગાંડાભાઈ પ્રજાપતિ હાલ કડીના કરણનગર રોડ પર ભાડાના મકાનમાં રહી ખેતીકામ કરે છે. તેઓ પોતાની પુત્રીની ઉચ્ચ શિક્ષણ લોન સંબંધિત પ્રક્રિયા માટે ઘરના ફોટા પાડવાના હેતુથી ગત ૩૧ ઓગસ્ટના રોજ ખેરપુર સ્થિત પોતાના વતનના મકાને આવ્યા હતા. કામ પૂર્ણ થયા બાદ તેઓ મકાનને વિધિવત તાળું મારીને પરત કડી જવા રવાના થયા હતા.ત્યારબાદ ૧ સપ્ટેમ્બરના રોજ સવારે પાડોશમાં રહેતા એક જાગૃત મહિલાએ પ્રવીણભાઈના મકાનનો દરવાજો ખુલ્લો તેમજ નકુચો તૂટેલો જોતાં તાત્કાલિક તેમને ટેલિફોનિક જાણ કરી હતી. આ સમાચાર મળતાં જ પ્રવીણભાઈ પરિવાર સાથે તાબડતોબ ખેરપુર દોડી આવ્યા હતા.

### ૪ સ્પા અને ગેસ્ટહાઉસમાં ચાલતા કુટણખાના પર SMCના દરોડાઃ

# મહેસાણા બાયપાસ પર ધમધમતા દેહવ્યાપારના ગોરખધંધા પર કાર્યવાહી

મહેસાણા બાયપાસ હાઈવે પર સ્પા અને ગેસ્ટહાઉસની આડમાં ધમધમતા દેહવ્યાપારના ગોરખધંધા પર સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરની ટીમે લાલ આંખ કરી છે. બાતમીના આધારે પોલીસે એકસાથે ૪ જાણીતા સ્પા અને ૧ ગેસ્ટહાઉસમાં ડમી ગ્રાહકો મોકલી દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન સ્પા અને હોટલની આડમાં ચાલતા વેશ્યાવૃત્તિના રેકેટનો પર્દાફાશ થતાં મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં કુલ ૫ અલગ-અલગ ફરિયાદો નોંધવામાં આવી છે. આ સમગ્ર મામલે માલિકો અને સંચાલકો સહિત ૧૩ શખ્સો સામે અનૈતિક વ્યાપાર પ્રતિબંધ અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ધ લક્ઝુરી બ્યુટી એન્ડ સ્પા' દેહવેપારનો કરાતો

પહેલો દરોડો મહેસાણા બાયપાસ રોડ પર અવધ પ્લાઝા કોમ્પ્લેક્ષના બીજા માળે આવેલા 'ધ લક્ઝુરી બ્યુટી એન્ડ સ્પા'માં પાડવામાં આવ્યો હતો. જ્યાં મસાજના નામે પંજાબ અને ઉત્તર પ્રદેશની મહિલાઓ પાસે દેહવેપાર કરાવવામાં આવતો હતો. પોલીસે સ્થળ પરથી સંચાલક અજયકુમાર પ્રજાપતિની ધરપકડ કરી હતી, જ્યારે તેનો ભાગીદાર યશ રાવલ ફરાર થઈ ગયો હતો. પોલીસે અહીંથી રોકડ રકમ, મોબાઈલ અને વાંધાજનક સાહિત્ય મળી કુલ રૂ. ૮૪,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.'ધ ગોલ્ડન સ્પા'માં થાઈલેન્ડ, પશ્ચિમ બંગાળ અને બિહારની મહિલાઓ હતીબીજી કાર્યવાહી પાંચોટ ગામ ક્રોસ રોડ નજીક આકાર એવન્યુ કોમ્પ્લેક્સમાં આવેલા 'ધ ગોલ્ડન સ્પા' ખાતે કરવામાં આવી હતી. બોગસ ગ્રાહક મોકલી કરાયેલા દરોડામાં થાઈલેન્ડ, પશ્ચિમ બંગાળ અને બિહારની મહિલાઓ પાસેથી દેહવેપાર કરાવાતું હોવાનું ખુલ્યું હતું. પોલીસે સ્થળ પરથી બે મેનેજર સુનિલ ઠાકોર અને રોહિતસિંહ પરમારની અટકાયત કરી રૂ. ૬૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે મુખ્ય માલિક પૂનમભાઈ ઉર્ફે પવન રાવળ હાજર ન મળી આવતાં તેને ફરાર જાહેર કરાયો છે.

# રાજ્યના તમામ હેલિપેડની હવેથી દર 3 મહિને તપાસ થશેઃખામી જણાય તો તાત્કાલિક રિપેર કરાશે

રાજ્યના તમામ હયાત હેલિપેડને હંમેશા ઉપયોગલાયક અને 'ઓપરેશનલ કન્ડિશન'માં રાખવા ગુજરાત સરકારે મહત્વના દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગે પરિપત્ર જાહેર કરી હેલિપેડની નિયમિત જાળવણી અને નિરીક્ષણની વ્યવસ્થા વધુ કડક બનાવી છે.

નવા નિયમ મુજબ દરેક હેલિપેડનું ઓછામાં ઓછું દર ત્રણ મહિને એક વખત સ્થળ નિરીક્ષણ કરવું ફરજિયાત રહેશે. નિરીક્ષણ દરમિયાન હેલિપેડમાં કોઈ ખામી, નુકસાન કે મરામતની જરૂરિયાત જણાશે તો તેને કોઈ વિલંબ વગર તાત્કાલિક દૂર કરવા સૂચના આપવામાં આવી છે.

કાર્યપાલક ઈજનેરની જવાબદારી નક્કી

તમામ હયાત હેલિપેડ સતત કાર્યરત સ્થિતિમાં રહે તેની જવાબદારી સંબંધિત કાર્યપાલક ઈજનેરને સોંપવામાં આવી છે. જ્યારે અધિક્ષક



ઈજનેર પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ હેલિપેડની જાળવણી અંહેલિપેડની જાળવણીમાં માત્ર રનિંગ સપાટી જ નહીં, પરંતુ પેવમેન્ટ, પેઈન્ટેડ માર્કિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને એપ્રોચ વિસ્તાર સહિતની તમામ આનુષંગિક સુવિધાઓની પણ નિયમિત તપાસ અને જરૂરી મરામત કરવામાં આવશે.સરકારે હેલિપેડની આસપાસના સંભવિત અવરોધો અંગે પણ સ્પષ્ટ સૂચના આપી છે. હેલિપેડ પર કે આસપાસ અનધિકૃત દબાણ, બાંધકામ, સામગ્રીનો સંગ્રહ, વાહન પાર્કિંગ, કચરો, ઝાડી-ઝાંખરા તેમજ સરકારી વિભાગો દ્વારા જપ્ત કરાયેલા બિનઉપયોગી વાહનો ન રહે તે માટે સતત દેખરેખ રાખવામાં આવશે.

## જન્માષ્ટમી પર્વ નિમિત્તે જાહેર રજા

**શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક તારીખ ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૬, શુક્રવારના રોજ જાહેર રજા પાળશે.**

તમામ વાચકમિત્રો, જાહેરાતદાતાઓ નોધ લેવી

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની હાર્દિક શુભકામનાઓ.

— તંત્રીશ્રી / વ્યવસ્થાપનન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક

# ગાંધીનગરમાં નવતર પ્રયોગઃ સખી મંડળની બહેનોએ બનાવેલી ઓર્ગેનિક પ્રોડક્ટ્સથી કરાયું રાજ્યપાલશ્રીનું બહુમાન

જિલ્લા કલેક્ટરશ્રી રવીન્દ્ર ખતાલેના નેતૃત્વમાં તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિગંત બ્રહ્મભટ્ટ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિલોફર શેખના સુયોગ્ય માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાના સખી મંડળોની બહેનોને આર્થિક રીતે પગભર અને આત્મનિર્ભર બનાવવાનો ભગીરથ પ્રયાસ થઈ રહ્યો છે. ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામ ખાતે 'વૃક્ષારોપણ - એક પેડ માઁ કે નામ', સ્વચ્છતા અભિયાન, ગ્રામજનો સાથે વાર્તાલાપ, ગાય-દોહન અને રાત્રિ રોકાણ જેવા કાર્યક્રમો અંતર્ગત રાજ્યપાલ શ્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે ગ્રામીણ બહેનોને સ્વરોજગારી થકી પ્રોત્સાહન મળે અને સશક્તિકરણનો હેતુ સિદ્ધ થાય તે માટે ડીઆરડીએ ના સહયોગથી એક સુંદર નવતર પ્રયોગ હાથ ધરાયો હતો. વિશ્વા મિશન મંગલમ અને સ્વ-સહાય જૂથ- જીઉઁની



બહેનો દ્વારા સ્વહસ્તે તૈયાર કરાયેલી વિવિધ ઉત્પાદન સામગ્રીઓનું એક કલાત્મક ગિફ્ટ હેમ્પર તથા મોમેન્ટો બનાવીને રાજ્યપાલ શ્રીને આદરપૂર્વક ભેટ અર્પણ કરવામાં આવ્યું હતું.આ ગિફ્ટ હેમ્પુરમાં સખી મંડળની બહેનો દ્વારા નિર્મિત પંચામૃત, ઓર્ગેનિક સાબુ, શેમ્પૂ, લિપ્પણ આર્ટની આકર્ષક કૃતિઓ, ધૂપ સ્ટીક, ઊનના રૂમાલ અને વિવિધ ડિઝાઈન ધરાવતી મીણબત્તીઓ જેવી ગૃહઉદ્યોગ પ્રોડક્ટ્સનો સમાવેશ કરાયો હતો. બહેનોની આ કલાસુઝ, ઉત્પાદન ક્ષમતા અને આત્મનિર્ભર બનવાના પ્રયાસોને રાજ્યપાલ શ્રીએ મુક્ત મને બિરદાવી બહેનોના કૌશલ્યને પ્રોત્સાહિત કર્યું હતું.

તંત્રી લેખ

# ડોલર સામે રૂપિયાનું કમબેક

ફોરેક્સ માર્કેટમાં ગુરુવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભારતીય રૂપિયામાં શાનદાર રિકવરી જોવા મળી છે. શરૂઆતી કારોબારમાં જ યુએસ ડોલર સામે રૂપિયો ૪૭ પૈસાની મજબૂત છલાંગ લગાવીને ૯૪.૨૬ના સ્તર પર પહોંચી ગયો હતો. ભારતીય ચલણમાં મજબૂતીનો આ સતત બીજો દિવસ છે; આ અગાઉ બુધવારે પણ રૂપિયો ૨૨ પૈસા સુધરીને ૯૪.૭૩ પર બંધ થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (ઈંર્ભે)ની સક્રિયતા, એનઆરઆઈ ડિપોઝિટ્સ, શેરબજારમાં વિદેશી રોકાણકારોની લેવાલી અને ક્રૂડ ઓઈલમાં નરમાશ જેવા પરિબળોએ રૂપિયાની સ્થિતિ મજબૂત કરવામાં મોટો ભાગ ભજવ્યો છે.રૂપિયામાં આવેલા આ તગડા ઉછાળા પાછળનું સૌથી મોટું કારણ ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ ચહ્લઝ્હઇ(ભ્) છે. ભારત સરકારે અને બેંકોએ બિન-નિવાસી ભારતીયો (હ્રઈંજ) થકી રેકોર્ડ ૧૨૭.૨૩ અબજ ડોલરનું જંગી વિદેશી ભંડોળ એકત્ર કર્યું છે. એનઆરઆઈ તરફથી મળેલો પ્રતિસાદ એટલો અસાધારણ હતો કે ભારતીય રિઝર્વ બેંકે (ઈંર્ભે) આ યોજનાને નિર્ધારિત સમય કરતાં એક મહિનો વહેલી એટલે કે ૩૧ ઓગસ્ટે જ પૂર્ણ જાહેર કરી દીધી હતી. દેશમાં મોટા પાયે આવેલા વિદેશી ચલણના આ પ્રવાહે રૂપિયાને જબરદસ્ત ટેકો આપ્યો છે.ડોલર સામે રૂપિયાની અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે ઈંર્ભેએ લીધેલા સખત પગલાં અને દેશની બેંકોમાં ભારે માત્રામાં ડોલર આવવાને કારણે ભારતનું વિદેશી મુદ્રા ભંડાર વધીને ૭૨૯.૩૨ અબજ ડોલરના ઓલ-ટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગયું છે.

# ભાવેશ ઝીલિયા પર ફાયરિંગના કેસમાં છ આરોપીની ધરપકડ:કારમાંથી હથિયાર મળવાના કેસમાં મહેસાણા કોર્ટે ભાવેશને જામીન આપ્યા, અમદાવાદ પોલીસે પાસા હેઠળ ભુજ જેલ હવાલે કર્યો





૨૦થી વધુ ગુના ધરાવતા મહેસાણાના કુખ્યાત ભાવેશ ઝીલિયાની ફોર્ચ્યુનર કારને નંબર પ્લેટ વિનાની સ્કોર્પિયોથી ટક્કર મારી તેના પર બે રાઉન્ડ ફાયરિંગ કરવાના હાઈપ્રોફાઈલ કેસનો મહેસાણા એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો છે. એસ.પી. હિમાંશુ સોલંકીની સૂચના મુજબ એલસીબી ॐ અનિરુદ્ધસિંહ કામળિયાની આગેવાની હેઠળ રચાયેલી ટીમોએ કટોસણ સહિતના વિસ્તારોમાં દરોડા પાડી ફાયરિંગ કરનાર સહિત હત્યાના કાવતરામાં સંડોવાયેલા ૬ શખસની ધરપકડ કરી લીધી છે. ૧૧ આરોપીઓએ ભેગા મળી હત્યાનો ચોક્કસ પ્લાન ઘડ્યો હતો અને છેલ્લા ૩ મહિનાથી બલેનો કાર દ્વારા ભાવેશની સતત રેકી કરવામાં આવી રહી હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

આ જીવલેણ હુમલા પાછળ ચારથી પાંચ મુખ્ય કારણો છે. જેમાં સોશિયલ મીડિયાની રીલ્સ દ્વારા અસામાજિક તત્વોની બે ગેંગ વચ્ચે ચાલતી વર્ચસ્વની લડાઈ મુખ્ય કારણ માનવામાં આવી રહી છે. આ ઉપરાંત બે મહિના પૂર્વે દેત્રોજમાં નવઘણ નામના શખસ પર કટોસણના જોરાવરસિંહ ઉર્ફે ભાણુભાએ ફાયરિંગ કર્યું હતું. તે શખસ મહેસાણામાં ભાવેશ ઝીલિયા સાથે હોવાની માહિતી મળતા હુમલો કરાયો હોવાની શક્યતા છે. સાથે જ જમીન વિવાદ અને જોરાવરસિંહને સોપારી મળી હોવાના પાસા પર પણ પોલીસ તપાસ ચલાવી રહી છે. આ તમામ બાબતોનું સાચું કારણ જોરાવરસિંહની અટકાયત બાદ સ્પષ્ટ થશે.

બીજી તરફ ભાવેશ પાસેથી મળેલા વેપનના કેસમાં જામીન મેળવ્યા બાદ પણ ભાવેશ ઝીલિયાની મુશ્કેલીઓ ઘટી નથી. પાટણ અને અમદાવાદ સહિતના શહેરમાં ૨૦થી વધુ ગુનાઓ આચરનાર ભાવેશ રબારીને ૨ સપ્ટેમ્બરે સાંજે રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં કોર્ટે તેના જામીન મંજૂર કર્યા હતા.

# અંબાજી મંદિરમાં માતાજીની ગાદી અને સ્કીમ નંબર ૩૯ના નામે મોટું કૌભાંડ: ચેરમેન અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે જનાક્રોશ

આદ્ય શક્તિપીઠ અંબાજીમાં સિદ્ધપુરના ઠાકર પરિવારના વંશપરંપરાગત હક્કો, બબ્બે ચાર્જ ધરાવતા 'ગાદી નિરીક્ષક'ની શંકાસ્પદ ભૂમિકા અને ટ્રસ્ટની અણઘડ નીતિઓ સામે પરશુરામ પરિવારનો હલ્લાબોલ: "જો રાજા-રજવાડાના સાલિયાણા બંધ થઈ શકતા હોય તો આ વંશવેલો ક્યાં ખેતરનો મૂળો છે?"★

ગર્ભગૃહની પવિત્રતા દાવ પર: ભ્રષ્ટાચાર અને વારસાગત ઈજારાશાહી સામે પ્રજાકીય બળવાના એંધાણ

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં હાલ શ્રદ્ધાળુઓની આસ્થા સાથે ખીલવાડ થઈ રહ્યો હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે. વર્ષે દહાડે કરોડો ભક્તો જ્યાં શીશ નમાવવા આવે છે, તે પવિત્ર યાત્રાધામમાં વહીવટી તંત્ર અને ગાદીપતિ ભટ્ટજી મહારાજોની મિલીભગતથી ચાલતા ગરબડ-ગોટાળા અને ભ્રષ્ટાચાર પર પડદો પાડવાનો હીન પ્રયાસ થઈ રહ્યો છે.

દેશ આઝાદ થયા બાદ ૧૯૪૮માં દાંતા રજવાડાના વિલય બાદ અંબાજી મંદિર બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ 'શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ' તરીકે નોંધાયું હતું. પરંતુ સમય જતાં સિદ્ધપુરના ઠાકર પરિવાર દ્વારા પૂજા-અર્ચના અને ગર્ભગૃહની ગુપ્ત પૂજા પર પોતાના વારસાગત હક્કોનો દાવો કરીને ઈજારાશાહી સ્થાપવામાં આવી છે, જેને વહીવટી તંત્રની મૂક સંમતિ મળી રહી હોવાનો આકરો આક્ષેપ થઈ રહ્યો છે.

બબ્બે ચાર્જ ધરાવતા 'ગાદી નિરીક્ષક'ની અણઘડ કામગીરી: ચોપડા દબાવી રાખવાનો ખેલ?

મંદિરની ગાદીની સુરક્ષા અને પારદર્શિતા જાળવવાની જેમના શિરે મુખ્ય જવાબદારી છે, તેવા 'ગાદી નિરીક્ષક' બબ્બે ચાર્જ ઉપર ફરજ બજાવી રહ્યા છે! ગાદી નિરીક્ષક પાસે ટેમ્પલ ઈન્સ્પેક્ટર સહિત બે મહત્વના ચાર્જનો બોજ હોવાથી તેઓ ગાદીની અત્યંત સંવેદનશીલ કામગીરી પર પૂરતો સમય જ આપી શકતા નથી. આ આડેધડ ચાલતી વ્યવસ્થા સામે સવાલો ઉઠાવીને પરશુરામ પરિવારે બનાસકાંઠા કલેક્ટરને આકરી રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, કલેક્ટર કમ ચેરમેન તાત્કાલિક ધોરણે કોઈ ફૂલ-ટાઈમ અને નિષ્ઠાવાન અધિકારીની નિમણૂક ગાદી નિરીક્ષક તરીકે કરે જેથી ગાદીના દબાયેલા પ્રકરણો અને હિસાબી ચોપડા બહાર આવી શકે.

આંતરિક વારસાઈ સંગ્રામ અને કાનૂની વિવાદો

સિદ્ધપુરનો ઠાકર પરિવાર, જેને દાંતાના રાજવી પરિવાર દ્વારા ભૂતકાળમાં માતાજીની પૂજા-અર્ચના માટે લાવવામાં આવ્યો હતો, તેમાં વારસાઈ હક માટે ભાઈ-ભાઈ વચ્ચે જ ખેંચતાણ શરૂ થઈ છે. ગાદીનો ઈતિહાસ એવો છે કે, માતાજીના ચાચર ચોક ખાતે આવેલી 'ભટ્ટજી મહારાજની ગાદી' પર પ્રારંભિક સમયમાં સિધ્ધપુરના ૪ બ્રાહ્મણ પરિવારો વારાફરતી પૂજા કરતા હતા. જેમાં પરંપરાગત પૂજારી કાંતિલાલ ઠાકરના અવસાન બાદ વસિયતનામા મુજબ તેમના મોટા પુત્ર મહેન્દ્રકુમાર અને નાના પુત્ર દેવીપ્રસાદ વચ્ચે પૂજા વહેંચાઈ હતી. પરંતુ મહેન્દ્રકુમારના નિધન બાદ તેમના પુત્રોએ પોતાના જ સગા કાકા દેવીપ્રસાદ ઠાકરને ગર્ભગૃહમાં પ્રવેશતા રોક્યા હતા. વારસાઈ હકની આ લડાઈ ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી હતી, જ્યાં કોર્ટે બનાસકાંઠા કલેક્ટર અને અંબાજી ટ્રસ્ટને નોટિસ પાઠવીને વચગાળાનો નિર્દેશ આપવો પડ્યો હતો.

ધર્મના જાણકાર લોકો દ્વારા આકરો પ્રહાર: "અનુભવ અને જ્ઞાન વિના માત્ર જન્મના આધારે પૂજારી પદ કેમ?"

પરશુરામ પરિવાર અને ધર્મના જાણકાર વિદ્વાન બ્રાહ્મણ સંગઠનોએ ઉગ્ર બળવો પોકારીને માગ કરી છે કે માત્ર ચોક્કસ કુટુંબમાં જન્મ લેવાથી કોઈ પૂજારી બની શકતું નથી. ગર્ભગૃહમાં પૂજા કરવા માટે ધર્મનું શાસ્ત્રોક્ત જ્ઞાન, સંસ્કૃત વિદ્યા, પવિત્રતા અને વ્યક્તિગત યોગ્યતા જ માપદંડ હોવા જોઈએ.

હાઈકોર્ટના પૂર્વ નિર્દેશો મુજબ ખુલ્લી સ્પર્ધાત્મક પ્રક્રિયાથી વિદ્વાન બ્રાહ્મણોની નિમણૂક થવી જોઈતી હતી, પરંતુ ટ્રસ્ટના અધિકારીઓ અને ગાદીના વારસદારોની મિલીભગતથી આ હુકમોની અવહેલના કરાઈ રહી છે.

પરશુરામ પરિવારનો આક્રોશ: વારસાગત હક્કો મૂળમાંથી રદ કરવા ચીમકી

"જો દેશમાંથી મોટા મોટા રાજા-રજવાડાઓના સાલિયાણા અને વારસાગત અધિકારો રદ થઈ શકતા હોય, તો આ પૂજારી પરિવાર ક્યાં ખેતરના મૂળા છે?" તેવા સણસણતા પ્રહારો સાથે હવે પરશુરામ પરિવાર અંબાજી નગર, જાગૃત પ્રજાજનો અને ધાર્મિક સંગઠનો રસ્તા પર ઉતરવાની તૈયારી કરી રહ્યા છે. શ્રદ્ધાળુઓએ માંગ કરી છે કે, સ્કીમ નંબર ૩૯નો કડકપણે અમલ કરવામાં આવે અને માતાજીની ગાદી ઉપરથી વારસાગત પૂજા પદ્ધતિનો સંપૂર્ણ અંત લાવવામાં આવે, જેથી તમામ યોગ્ય અને વિદ્વાન બ્રાહ્મણોને માતાજીની સેવાનો સમાન અવસર મળે.

જો કલેક્ટર કમ ચેરમેન અને વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં નહીં લેવાય, તો આ મામલે ગાંધીનગર સુધી આંદોલન લંબાવવાની સ્પષ્ટ ચીમકી પરશુરામ પરિવાર અંબાજી નગર દ્વારા આપવામાં આવી છે.

ગાદીના વારસદારોને છાવરવા પાછળ ગાંધીનગરમાં બેઠેલા કયા આકાઓનો હાથ?: સ્કીમ નંબર ૩૯ નો અમલ કેમ નહીં?: અંબાજી મંદિર અને માતાજીની ગાદીના યોગ્ય સંચાલન અને પૂજારીઓની કામગીરીના નિયમન માટે બનાવેલી 'સ્કીમ નંબર ૩૯' નો યોગ્ય અમલ કરવામાં શા માટે પાછીપાની કરવામાં આવે છે?: ચોક્કસ પરિવારને જ લાભ?: આરોપ છે કે માત્ર એક ખાસ પરિવાર અને ચોક્કસ વ્યક્તિઓને જ આર્થિક અને ધાર્મિક લાભ પહોંચાડવા માટે કાયદાકીય જોગવાઈઓનો દૂરોપયોગ થઈ રહ્યો છે.: ઉચ્ચ સ્તરીય તપાસની માગ: ગાંધીનગરમાં બેસીને આ કૌભાંડના દોરડા ખેંચતા આકાઓ કોણ છે? તેમની સામે ક્યારે તપાસ હાથ ધરવામાં આવશે?

# અક્ષય કુમારની ફિલ્મ સમુકમાં બંગાળી હિરોઇન ઋકમણિ મૈત્રની એન્ટ્રી



અક્ષય કુમારની સાયફાય ફિલ્મ 'સમુક'નું શૂટિંગ યુકેમાં ચાલી રહ્યું છે. આ ફિલ્મમાં બંગાળી અભિનેત્રી ઋકમણિ મૈત્રા હિરોઈન તરીકે જોડાઈ છે. ઋકમણિએ અગાઉ વિદ્યુત જામવાલની 'સનક'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. નિર્માતા વિપુલ શાહ અને અક્ષય ૧૨ વર્ષ પછી ફરી સાથે કામ કરી રહ્યા છે. કનિષ્ક વર્મા દિગ્દર્શિત આ મોટા બજેટની ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થશે.

અક્ષય કુમારની સાયફાય ફિલ્મ 'સમુક'નું શૂટિંગ હાલ યુકેમાં ચાલી રહ્યું છે. હવે આ ફિલ્મમાં હિરોઈન તરીકે બંગાળી અભિનેત્રી ઋકમણિ મૈત્ર જોડાઇ રહી હોવાનું જાણવા મળ્યું છે.

ઋકમણિ અગાઉ વિદ્યુત જામવાલની ફિલ્મ 'સનક'થી બોલિવુડમાં ડેબ્યૂ કરી ચૂકી છે. આ ઉપરાંત 'કેક' નામની ફિલ્મમાં પણ તેનો નાનો રોલ હતો.સામાન્ય રીતે સાઉથની હિરોઈન્સ હિન્દી ફિલ્મોમાં ટોચના હીરો સાથે કામ કરતી જોવા મળે છે. હવે ઋકમણી 'સમુક'માં ગોઠવાશે તો વધુ બંગાળી હિરોઈન્સની પણ હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી પડશે.નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ સાથે અક્ષય કુમાર બાર વર્ષે ફરી કામ કરી રહ્યો છે. છેલ્લે ૨૦૧૪માં આવેલી 'હોલીડે: એ સોલ્જર ઇઝ નેવર ઓફ્ફ ડ્યૂટી'માં બંને એ કોલબરેશન કર્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન કનિષ્ક વર્મા કરી રહ્યો છે. બે વર્ષથી આ ફિલ્મ બની રહી છે.

# કરીના કપૂરે બાળકોને બાળપણથી જ પાડી 3 ટેવ, દરેક માતા-પિતાએ શીખવું જોઈએ!

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂર ખાને તાજેતરમાં જણાવ્યું કે તે તેના પુત્રો તૈમૂર અને જેહને ૩ મહત્વપૂર્ણ ટેવો શીખવી રહી છે. કરીના બાળકોને દયાળુ બનવું, લાગણીઓ વ્યક્ત કરવી અને રડવું એ ખોટું નથી તે શીખવે છે. અભિનેત્રીનું માનવું છે કે, આ ગુણો ભવિષ્યમાં તેમને સારા માણસ બનાવશે. માતા-પિતાએ પણ આ પદ્ધતિ અપનાવવી જોઈએ.

એક્ટ્રેસ કરીના કપૂરની દમદાર એક્ટિંગ પર ચાહકો ફીદા છે અને આજે પણ તે ફિલ્મી દુનિયામાં એક્ટિવ છે. એક્ટિંગ કરિયરની સાથે કરીના તેના બંને દીકરાનો ઉછેર પણ કરી રહી છે અને માતાનો રોલ પણ ખૂબ સારી રીતે નિભાવી રહી છે. તૈમૂર અને જેહ બાળપણથી જ લાઈમલાઈટનો હિસ્સો રહ્યા છે, પરંતુ કરીનાએ તેમને ક્યારેય કોઈ બાબતે અહંકાર કરવાની શીખ નથી આપી. કરીનાએ તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, હું મારા બાળકોને બાળપણથી જ કેટલીક જરૂરી બાબતો શીખવી રહી છું, જેથી તેઓ ભવિષ્યમાં સારા માણસ બની શકે. અભિનેત્રીએ કહ્યું કે, માતા-પિતાએ આ ટિપ્સ જરૂર અપનાવવી જોઈએ.

કરીના કપૂર પોતાના પુત્રોને બંધનમાં નથી રાખતી અને ના તો તેમના પર સોસાયટીનું કોઈ પ્રેશર ક્રીએટ કરે છે. તે તેમને તેમની રીતે જીવવા દે છે, પરંતુ કેટલીક એવી ટેવો છે જે કરીના બાળપણથી જ જેહ અને તૈમૂરમાં કેળવી રહી છે. તમે સામાન્ય રીતે લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે 'પુરુષો રડતા નથી' અથવા 'મર્દ કો દર્દ નહીં હોતા'. આ નિયમોને તોડતાં કરીના પોતાના બાળકોને ઈમોશનલ રહેતા પણ શીખવી રહી છે.કરીના કપૂરે કહ્યું કે, 'હું બે પુત્રોની માતા છું અને ખૂબ જ ડરેલી છું. એક માતા તરીકે તમે બેસ્ટ કરવા માગો છો. તમે તેમને સુરક્ષિત રાખવા માગો છો અને તેમને જવાબદાર બનવાનું પણ શીખવવા માગો છો.

# સંજય લીલા ભણશાળી રંજન ચંદેલ સાથે ઐતિહાસિક ફિલ્મ બનાવશે



નિર્માતા-નિર્દેશક સંજય લીલા ભણશાળી 'લવ એન્ડ વોર'ના શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં, નિર્માતા તરીકે તેમનું કામ અવિરત ચાલુ છે. તેમણે આગામી ઐતિહાસિક ફિલ્મ માટે 'ગ્રહણ' ફેમ રંજન ચંદેલને નિર્દેશક તરીકે પસંદ કર્યા છે. રંજન અને સંજય લીલા ભણશાળી એક વર્ષથી આ ઐતિહાસિક ફિલ્મની પટકથા લખી રહ્યા છે. કલાકારો અંગેની જાહેરાત હજુ બાકી છે.મુંબઈ : નિર્માતા-નિર્દેશક સંજય લીલા ભણશાળી હાલ 'લવ એન્ડ વોર' ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે પણ નિર્માતા તરીકે તેમનું કામ જરાય ધીમું પડયુ નથી. સંજય લીલા ભણશાળીએ તેમની આગામી ઐતિહાસિક ફિલ્મનું નિર્દેશન કરવા માટે 'ગ્રહણ' ફેમ રંજન ચંદેલની પસંદગી કરી છે. 'લવ એન્ડ વોર' બાદ મધુબાલાની બાયોપિક અને તે પછી ધનુષ સાથે પૌરાણિક ફિલ્મ કર્યા બાદ તેઓ એક ઐતિહાસિક ફિલ્મનું નિર્માણ પણ કરી રહ્યા છે.એક વર્ષથી રંજન ચંદેલ સંજય લીલા ભણશાળી સાથે મળી આ ઐતિહાસિક ફિલ્મની પટકથા લખી રહ્યા છે. રંજન ચંદેલની ક્રાઇમ ડ્રામા સીરિઝ 'ગ્રહણ'થી ગંભીર નિર્દેશક તરીકે નોંધ લેવાવા માંડી છે. સત્યા વ્યાસની નવલકથા ચૌરાશી પરથી આ ક્રાઇમ સિરિઝ બની હતી.ચંદેલે ૨૦૧૮માં 'જાન જિગર' નામની એવોર્ડ વિજેતા શોર્ટ ફિલ્મ સાથે નિર્દેશન કરવાનું શરૂ કર્યું હતું. તે અનુરાગ કશ્યપના સહાયક રહી ચૂક્યા છે.




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ**




**NOGSS NO : 161**
વિષય : જન્માષ્ટમી
શીર્ષક : કાનુડો કે લાલો
પ્રકાર : લઘુ વાર્તા શબ્દો : ૨૪૨

કંગના પરણીને સાસરે આવી એ પહેલાં એણે સાસરીના ઘણાં સોનેરી સપના જોયા હતા, પરંતુ ગામડા ગામનું સાસરુ. એની કોઈ આશા ફળી નહીં. થોડા જ દિવસોમાં ઘરના સૌ સભ્યોના રંગઢંગ બદલાવા માંડ્યા. પછીના દિવસો એને જેલ જેવા લાગવા લાગ્યાં. રોજ પિયરના દિવસોને યાદ કરીને નિસાસા નાખતી થઈ ગઈ. હા, પણ એને એના કાનુડા પર ભરોસો. હંમેશા એના દિલની વાત પિયરથી લાવેલા બાલ ગોપાલ સાથે કરતી રહેતી.

થોડા વર્ષો પછી કંગના મા બનવાની હતી. તેના લાલાને કહેતી, "મારો દીકરો પણ? જન્માષ્ટમીને દિવસે જ આવે એવું કરજે કાનુડા! તું પણ જેલમાં જન્મ્યો ને! મારો લાલો પણ આ ઘરની ચાર દિવાલોમાં જ જન્મશે એવું લાગે છે મને. તું જ મારી રક્ષા કરજે કાનુડા!

થોડા દિવસોમાં જન્માષ્ટમીનો પર્વ આવવાનો હોવાથી આખો મહોલ્લો તોરણ અને રોશનીથી શણગારવામાં આવ્યો હતો. કંગના તેના ઓરડાની બારીમાંથી આ બધું જોયાં કરતી હતી. તે તેના લાલાનો સાજ શણગાર કરતી હતી. એને પણ છેલ્લા દિવસો જતાં હતાં. આખા ઘરનું કામકાજ પરવારીને થાકી હતી. થોડી ઊંઘ પણ આવી જતા તે બેઠા બેઠા જ ઊંઘી ગઈ. એટલામાં એના દુઃખાવો ઊપડ્યો. ગામની દાયણ હાજર થઈ ગઈ. થોડી જ મિનિટોમાં એક બાળકના રડવાનો અવાજ આવ્યો અને બહાર લોકોએ શંખનાદ વગાડ્યા...."નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી..." કંગના વર્ષો પછી હર્ષાશ્રુ થી ભીંજાઈ ગઈ. ઘડીકમાં એના લાલાને જુએ ને ઘડીકમાં કાનુડાને. " કાનુડા, તેં મારી લાજ રાખી. આખરે મારો લાલો પણ જન્માષ્ટમીએ જન્મ્યો. ઘરના સૌ બહાર આવીને થાળી વગાડી નાચવા લાગ્યા. " સાંભળો સાંભળો.... અમારે ઘરે પણ લાલો આવ્યો... બધા વધામણી આપવા ઘરમાં પધાર્યા. ઘરમાં હવે હર્ષોલ્લાસ છવાયો..

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★★★★

**NOG SS NO: 334**
વિષય: જન્માષ્ટમી
શીર્ષક: તારા લટકાને
પ્રકાર: પદ્ય શબ્દો: ૭૪

શ્યામ તારા લટકામાં લોભાણી,
કે વારી જાઉં તારા લટકાને

તારી બંસીના નાદે ભાન ભૂલી,
કે વારી જાઉં તારા લટકાને.

વેણુ વગાડી કામણ બહુ કીધા,
કે વારી જાઉં તારા લટકાને.

ગોપગોવાળો સાથે બહુ રમ્યા,
કે વારી જાઉં તારા લટકાને.

ચોરી ચોરી માખણ ખૂબ ખાધા,
કે વારી જાઉં તારા લટકાને.

ગોપીની મટકીઓ ફોડી ઘણી,
કે વારી જાઉં તારા લટકાને.

વનરાવનમાં ચરાવી ધેનુ ઘણી,
કે વારી જાઉં તારા લટકાને.

ટચલીએ ઉપાડયો ગોવર્ધનગિરી,
કે વારી જાઉં તારા લટકાને.

મહેશ રાઠોડ, સ્નેહદીપ (અમદાવાદ)
★★★★★★★

**NOG SS No 387**
વિષય: જન્માષ્ટમી
શીર્ષક: " શ્રી કૃષ્ણ સદા સહાયતે "
પ્રકાર: ગદ્ય, શબ્દો:૨૩૮
"આપણાં સૌ ના લાડીલા કાના થી લઈ યોગેશ્વર સુધી ની નિર્મોહી છતાં મનમોહક અદભૂત, અપ્રતિમ, અવર્ણનીય યાત્રા દ્વારા માનવ ને વાસ્તવિક, મજબૂત અને સચોટ સંદેશો આપી જીવન શણગાર કરતુ જો કોઈ હોય તો તે કૃષ્ણમ વંદે જગત ગુરુ જ છે "
શ્રી રામ કરે તેમ અને શ્રી કૃષ્ણ કહે તેમ જીવીએ તો જીવન વસંત ખીલી ઊઠે!
"મને લાગે છે વહાલો, યશોદા નો લાલો
માધવ મતવાલો (૨)
(૧)જન્મ જેલમાં થયો તો ય ખિલતો રહ્યો,
નથી કીધાં નિરાશા નાં ખ્યાલો! માધવ મતવાલો.
(૨)બન્યો મામા નો કાળ માસી મારી તત્કાળ,
પીધો મીરાં ના ઝેર નો પ્યાલો! માધવ મતવાલો.
(૩) જીત્યા ગોપી ઓ નાં ચિત્ત અને લૂંટ્યા નવનીત,
તો ય લાગ્યો સકલ ને એ વ્હાલો!માધવ મતવાલો.
(૪) ધર્યો ગોવર્ધન હાથ ભરે ઈન્દ્ર સાથે બાથ,
ભલે નાનો ગાયો નો ગોવાળો! માધવ મતવાલો.
(૫)કીધો કુરુક્ષેત્રે જંગ રહ્યો પાંડવો ની સંગ,
બન્યો પાર્થ તણો સારથી નિરાળો!માધવ મતવાલો
(૬) ધર્યું સુદર્શન હાથ કીધાં કંઈક ને મહાત,
તો ય યશોદા ની પાસે બન્યો કાલો! માધવ મતવાલો (૨)
શ્રી કૃષ્ણ નાં ચરણોમાં રહી આચરણ અઘરું છે, અશક્ય નથી! પ્રભુ તારા બે બિંદુ માં સિંધુ બની સમાઈ જાવ તેવી અબળખા છે.૭૦ વર્ષે મને એવી ભક્તિ અને શક્તિ આપજો.
"બડી દેર ભઈ નંદલાલા તેરી રાહ તકે બ્રિજબાલા"
"કૃષ્ણ બંસી લઈ ઘૂમે આસપાસ
એવો રમવો છે જીવન નો રાસ"
"નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી
હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી."
પુનિતા બેન -અમદાવાદ
★★★★★★★

**NOG SS NO- 195**
વિષય: જન્માષ્ટમી
શીર્ષક: કાન્હા ફાવશે?
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો: ૯૨

કાન્હા આવવું હોય તો આવ તને મુશ્કેલ પડશે,
નથી દેવકી નથી જશોદા એ કૂખ કયાંથી મળશે?

નથી વાસુદેવ કે વસમી વાટ પકડશે વૃંદાવનની,
નિર્મળ નજર નથી નંદની એ હવે કયાંથી મળશે?

નથી ગાયો નથી ગોપીઓ નથી વહાલ વૃંદાવનનું,
નેહ વગરની નમણી નાર એં રાધા કયાંથી મળશે?

સ્નેહ વગરનાં સગાં અને ભાવ વગરનાં ભાંડું,
મમતા વિનાના મિત્ર એમાં સુદામો કયાંથી મળશે?

ધર્મ નથી રહ્યો ધરા પર ફૂડ, કપટ ને કુરૂક્ષેત્ર,
પ્રભુ પ્રેમ પારખનારા એ પાંડવ કયાંથી મળશે?

મોરપીંછ અને મોરલી એ તાંસળી ને એ કાંબળી,
એ વરણાગી વેશ કહે 'અમૃત' એ કયાંથી મળશે ?

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★★

**NoG SS NO -162**
વિષય- જન્માષ્ટમી
શીર્ષંક-"ઘરે આવે છે નંદનો કિશોર "
પ્રકાર- પધ, શબ્દ- ૮૦

ઘરે આવે છે નંદનો કિશોર
સુંદર શામળિ યા
તારો રૂપાળો સુંદર શણગાર સુંદર શામળિયા.
"તારા પીળા પીતાંબર મુગઠડે મોતી તુ તો લાગે છે ચીતડાનો ચોર સુંદર શામળિયા. (૨)
"તારા વાકડીયા વાળ છે કાળા ભંમર તું તો નટખટ નંદનો કિશોર સુંદર શામળિયો.(૨)
" તારા ગાલે ટીબકડી કાનોમાં કુંડળ તુ તો રાધાનો સુંદર શ્યામ સુંદર શામળિયા.(૨)
"તારા કેડે કુંદોરો ઘંમકે છે ઘુંઘરુ
તારા વાગે જાંજરનો જાણકાર સુંદર શામળિયા.(૨)
"તારા ભાલે ટીલડી મારું મન
મોહે તુ તો મોરલીમા લાગે મોહન સુંદર શામળિયા.(૨)
" તારો સોળસે ગોપીમાં છે ભાવ ઘણો તુ તો સૌનો લાડીલો છે લાલ સુંદર શામળિયા.(૨)
ઘરે આવે છે નંદનો કિશોર સુંદર શામળિયા તારો રૂપાળો સુંદર શણગાર સુંદર શામળિયા..!

રેખા રસિક નાકરાણી (મુંબઈ)
★★★★★★★

**NOGSS: 168**
વિષય: જન્માષ્ટમી
શીર્ષક: સતયુગી પ્રિન્સ શ્રી કૃષ્ણ
પ્રકાર: પદ્ય શબ્દ:૧૩૩

કૃષ્ણ જેવો કોઈ પવિત્ર પુરુષ નથી, આ જગ માં જાણી લેજો,
સતયુગ નો પ્રિન્સ છે કૃષ્ણ, સતયુગ નો અવતાર છે કૃષ્ણ.

નટખટ છે એની લીલા ,નટખટ નો તે દિવ્ય અવતાર છે,
પાપીઓનો વધે ત્રાસ ત્યારે પૃથ્વી ઉપર તેઓ પ્રગટે છે.

છે બધી શિવની લીલા ,શિવ જાણે એમની ગુપ્ત લીલા ને.
શિવજીએ મુરલી માં કહ્યું છે, સતયુગ નો તે પ્રિન્સ છે,

યુગે યુગે પરિવર્તન શ્રી કૃષ્ણ - રાધે થી અલગ અલગ નામ રૂપ ધારણ કરે છે.
શ્રી રાધે કૃષ્ણ પણ બોલાય છે, શ્રી લક્ષ્મી નારાયણ પણ બોલાય છે.

શ્રી કૃષ્ણની લીલા છે અપરંપાર, ભક્તો એને પ્રેમ કરે છે.
અતૂટ શ્રદ્ધા ,અતૂટ વિશ્વાસ સાથે શ્રી કૃષ્ણને ચાહે છે.

જન્માષ્ટમી ઉજવણી એમનાં નામની મધ્ય રાતે ગરબા રમાય છે.
કૃષ્ણનાં તાલે ગરબા રમાય છે કનૈયા નાં ગીત ગવાય છે.

બી કે ડો કનૈયાલાલ માલી "ઉત્સવ" (અમદાવાદ) ઈન્ટરનેશનલ આધ્યાત્મિક લેખક
★★★★★★★

**NOG SS No:102.**
વિષય:- જન્માષ્ટમી.
તારીખ. ૪/૯/૨૦૨૬,શુક્રવારના દિવસે જન્માષ્ટમી ઉત્સવ ઉજવવામાં આવશે. શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મદિવસ ભારત અને દુનિયાના જુદા જુદા દેશોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે.
ભગવાન દ્વારકાધીશ દ્વારકામાં બિરાજમાન છે.દ્વારકામાંજન્માષ્ટમીની ઉજવણીની હું આપને વાત જણાવું છું.
અખિલ બ્રહ્માંડ નાયક ૧૪ ભુવનનાથ શંખ,ચક્ર, ગદા, પદ્મ ધારણ કરનારા અનેક
આભાર - નિહારીકા રવિયા સોના, ચાંદી, હીરા મોતીથી જડિત અલંકારોથી અને સુંદર વસ્ત્રોથી, ફૂલોથી સુશોભિત એવા ભગવાન દ્વારકાધીશના
સાત પુરી અને ચારધામમાંનું એક એવા ભગવાન દ્વારકાના જગત મંદિરમાં દ્વારકા મુકામે આ ઉત્સવ ખૂબ સુંદર રીતે આયોજિત કરવામાં આવે છે. ભગવાનના શિખર ઉપર ૫૨ ગજની રોજ ૬ જેટલી ધજાઓ ઠરાવવામાં આવે છે ૧૫૨ ફૂટ ઊંચા આ શિખર મંદિર ઉપર અનેક પ્રકારના ઈલેક્ટ્રીક લાઈટોથી આ મંદિરને આખાને સુશોભિત કરેલું છે.
મંદિરમાં સવારના ભગવાનની મંગળા આરતી થાય છે, ત્યાર પછી ખુલે પરદે ભગવાનને સ્નાન કરાવવામાં આવે છે, જેનો લાભ લોકો લઈ શકે છે, ત્યાર પછી ભગવાનને સુંદર વસ્ત્રો અને અલંકારો ધરાવવામાં આવે છે આખા દિવસ દરમિયાન નવભોગ અને છ જેટલી જુદા જુદા પ્રકારની આરતી કરવામાં આવે છે. ભક્તજનોની દર્શનાર્થે ખૂબ જ ભીડ થયેલી હોય છે. તેવો વ્યવસ્થિત દર્શન કરી શકે તે માટે સરકાર દ્વારા અનેક પ્રકારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. બજારો પણ શણગારવામાં આવે છે અને લોકોના મનમાં આનંદ અને ઉત્સાહ છે.
ચારે તરફ જુદીજુદી ઠેકાણે મંડપો બાંધી અને લોકોને પ્રસાદી રૂપે ફળાહાર આપવામાં આવે છે. યાત્રીકો આ પ્રસાદથી આનંદ અનુભવે છે.
રાત્રેબરોબર ૧૨;૦૦ વાગ્યે ભગવાનના મંદિરના દ્વાર ખુલશે અને જન્મોત્સવ શરૂ થશે
" નંદ ઘેરે આનંદ ભઓ ,જય કનૈયા લાલ કી, હાથી ઘોડા પાલખી ,જય કનૈયા લાલ કી "ના નાદ થી આખું મંદિર ગુંજી ઊઠે છે. આ મંદિરનો લાઈવ ટેલીકાસ્ટ પ્રોગ્રામ દુનિયાભરના તમામ ટીવી ઉપર જોવા મળશે આપને પણ મોકો મળે તો જરૂર જોજો અને ઘરે બેઠા ભગવાન દ્વારકાનાથના દર્શન કરી અને આશીર્વાદ મેળવજો.

રતીલાલ વાયડા ( રોડપાલી,નવીમુંબઈ.
★★★★★★★**NOG SS 321**
વિષય. જન્માષ્ટમી
પ્રકાર.ગદ્ય.,શબ્દ ૨૪૫
શિર્ષક. શ્રીકૃષ્ણના આગમનનો પાવન ઉત્સવ ..

જન્માષ્ટમી એટલે માત્ર ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ઉજવણી નહીં, પરંતુ અધર્મ પર ધર્મના વિજય અને અંધકાર વચ્ચે પ્રકાશના આગમનનો પવિત્ર સંદેશ.
શ્રાવણ મહિનાની કૃષ્ણ પક્ષની અષ્ટમીની મધ્યરાત્રિએ મથુરાની કારાગૃહમાં દેવકી અને વાસુદેવના પુત્ર તરીકે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. ત્યારે સમગ્ર ધરતી પર અત્યાચાર વધ્યો હતો અને કંસના પાપનો ભાર વધી ગયો હતો. ભગવાને અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવા પૃથ્વી પર અવતાર ધારણ કર્યો.
શ્રીકૃષ્ણનું બાળપણ ગોકુળ અને વૃંદાવનની ગલીઓમાં વીત્યું. તેમની માખણચોરી, ગોપીઓ સાથેની રાસલીલા, વાંસળીના મધુર સૂર અને ગાયો પ્રત્યેનો પ્રેમ આજે પણ ભક્તોના હૃદયમાં જીવંત છે. નટખટ કાનુડો સૌના મનને મોહી લે છે, એટલે જ તેઓ પ્રેમથી નંદલાલ, ગોપાલ, કાન્હા અને મુરલીધર તરીકે ઓળખાય છે.
જન્માષ્ટમીની રાત્રે મંદિરોમાં ભજન-કીર્તન થાય છે, શ્રીકૃષ્ણના બાળસ્વરૂપને પારણે ઝુલાવવામાં આવે છે અને મધ્યરાત્રિએ "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી!"ના જયઘોષથી વાતાવરણ કૃષ્ણમય બની જાય છે. અનેક સ્થળોએ દહીંહાંડી અને મટકી ફોડ જેવા કાર્યક્રમો પણ યોજાય છે.
પરંતુ શ્રીકૃષ્ણનું જીવન આપણને માત્ર ઉત્સવ મનાવવાનું નથી શીખવતું. ગીતા દ્વારા તેમણે કર્મનો મહિમા સમજાવ્યો, મુશ્કેલ પરિસ્થિતિમાં ધૈર્ય રાખવાનું શીખવ્યું અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપી.
કૃષ્ણ એટલે પ્રેમ, કૃષ્ણ એટલે કર્તવ્ય,
કૃષ્ણ એટલે જીવનનું સંગીત,
કૃષ્ણ એટલે મુશ્કેલીમાં માર્ગદર્શન
અને કૃષ્ણ એટલે અંધકારમાં આશાનો દીપ.
આ જન્માષ્ટમીએ આપણા હૃદયમાં રહેલા ક્રોધ, અહંકાર, દ્વેષ અને નકારાત્મકતાના કંસનો અંત કરીએ અને પ્રેમ, કરુણા, સત્ય તથા ધર્મને જીવનમાં સ્થાન આપીએ.
કાનુડાની વાંસળીના સૂર આપણા જીવનમાં પ્રેમ ભરે,
મોરપીંછની જેમ મનમાં રંગ ભરે,
અને શ્રીકૃષ્ણની કૃપાથી દરેક જીવન સુખ, શાંતિ અને આનંદથી ભરાઈ જાય.
જય શ્રીકૃષ્ણ!
??? સુચિતા રાવલ
ગાંધીનગર
★★★★★★★

**NOG ss No. 213.**
વિષય :- 'જન્માષ્ટમી'.
શીર્ષક :- ઓ બનવારી.
પ્રકાર :- ગેય, નૃત્ય ગીત

બનવારી ઓ બનવારી, તને વારી વારી જાઉં મારા બનવારી,
મને હિંચકી લગી તું યાદ કરે, તને હિંચકી લગે તો દોડી દોડી આવ.
ઓ બનવારી ઓ બનવારી. (ટેક)

મારે આંગણ ખીલ્યું એક ગુલાબ, તે યુગલ સ્વરૂપ છે રાધેશ્યામ,
તું રાસ રચાવવા દોડી દોડી આવ. ઓ બનવારી ઓ બનવારી..

મયુર મનાવી મોર પિંછ લાવી, વાટકી દાંણા ચણવા આપી,
પિંછ જોઈએ તો દોડી દોડી આવ. ઓ બનવારી ઓ બનવારી..

મેં વાંસ વઢાવી વાંસળી કીધી, વનરાઈમાં તે વે'તી મુકી,
તું વાંસળી લેવા દોડી દોડી આવ. ઓ બનવારી ઓ બનવારી..

મને ચોર્યાશી નો કાંટો ચુભે, તને કર્મ કેરો હિસાબ દિશે.
મારો સ્નેહ ચુભે તો દોડી દોડી આવ. ઓ બનવારી ઓ બનવારી..

'સ્વજન'સખી શણગાર સજીને, આંગણ ઊભી રાહ જુવે,
તું ચુનર ચડાવવા દોડી દોડી આવ. ઓ બનવારી ઓ બનવારી..
કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)

# શ્રાવણ માસના ફરાળી ઉપવાસ સાથે CCOE ગાંધીનગરના પી.આઈ. શ્રી હરેશ એલ. આહીરે સ્વિમિંગમાં ૬ મેડલ જીત્યા: ૧૫મી ગુજરાત માસ્ટર્સ સ્ટેટ એક્વાટિક્સ ચેમ્પિયનશિપમાં મચાવી ધૂમ




ગુજરાત રાજ્ય એક્વેટિક એસોસિએશન' દ્વારા 'સુરત ડિસ્ટ્રિક્ટ એક્વેટિક એસોસિએશન'ના સહયોગથી સુરતની જીસ્ઝ સંચાલિત ચીમનભાઈ લાપસીવાલા રૂસ્તમપુરા તરણ કુંડ ખાતે તા.૩૦ અને ૩૧ ઓગસ્ટ દરમિયાન ૧૫મી 'ગુજરાત સ્ટેટ માસ્ટર્સ સ્ટેટ એક્વેટિક ચેમ્પીયનશીપ-૨૦૨૬' તરણ સ્પર્ધા યોજાઈ હતી જેમાં ગાંધીનગર ખાતે ઝર્ઝઈ (સેન્ટર ઓફ એક્સેલન્સ) માં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા શ્રી હરેશ એલ. આહીર એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર સ્પર્ધામાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. તેમણે પોતાના શાનદાર સ્વિમિંગ કૌશલ્યના જોરે વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૬ મેડલ જીતીને ગુજરાત પોલીસ બેડાનું નામ રોશન કર્યું છે.

આ બે દિવસીય રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી અનેક ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં તીવ્ર સ્પર્ધા વચ્ચે પી.આઈ. શ્રી હરેશ એલ. આહીર એ વ્યક્તિગત અને રિલે ઈવેન્ટ્સમાં શ્રેષ્ઠ ટાઈમિંગ સાથે નીચે મુજબના મેડલ્સ પોતાના નામે કર્યા છે:

૨૦૦ મીટર ફ્રીસ્ટાઈલ: ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક)

૪૦૦ મીટર ફ્રીસ્ટાઈલ: સિલ્વર મેડલ (રજત ચંદ્રક)

૨૦૦ મીટર બેકસ્ટ્રોક: સિલ્વર મેડલ (રજત ચંદ્રક)

૧૦૦ મીટર બેકસ્ટ્રોક: બ્રોન્ઝ મેડલ (કાંસ્ય ચંદ્રક)

૪ ટ ૫૦ મીટર મેડલે રિલે: સિલ્વર મેડલ (રજત ચંદ્રક)

૪ ટ ૫૦ મીટર ફ્રીસ્ટાઈલ રિલે: બ્રોન્ઝ મેડલ (કાંસ્ય ચંદ્રક)
ઉલ્લેખનીય છે કે, તેઓ અત્યાર સુધીની પોતાની સ્વિમિંગ કારકિર્દી દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૧૧૦ મેડલ મેળવી ચૂક્યા છે. પોલીસ વિભાગની અત્યંત વ્યસ્ત અને જવાબદારીપૂર્વકની ફરજ બજાવવાની સાથે સાથે રમતગમત ક્ષેત્રે મેળવેલી પી.આઈ. શ્રી હરેશ એલ. આહીરની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ ઝર્ઝઈ ગાંધીનગર, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, સાથી કર્મચારીઓ, પરિવારજનો અને સ્નેહીઓમાં ગર્વ અને ખુશીની લહેર દોડી ગઈ છે.
ગુજરાત સ્ટેટ માસ્ટર્સ સ્ટેટ એકવેટિક ચેમ્પીયનશીપમાં રાજ્યભરના ૧૫ જિલ્લાનાં અંદાજે ૧૮૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિવિધ ૨૫ થી ૮૦ વર્ષની વયજૂથ વચ્ચે વિવિધ કેટેગરીમાં યોજાયેલી આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકો તા.૧૧-૧૨-૧૩ સપ્ટેમ્બરે હરિયાણાના બહાદુરગઢ ખાતે રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. અને નેશનલની વિવિધ કેટેગરીઓમાં વિજેતા થનાર ૧ થી ૬ ક્રમના ખેલાડીઓ બેંગ્લોર ખાતે યોજાનારી એશિયન એકવેટિક સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
પોતાની આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા પી.આઈ. શ્રી હરેશ એલ. આહીર એ જણાવ્યું હતું કે, "પોલીસ ક્ષેત્રની વ્યસ્ત કામગીરી વચ્ચે પણ શારીરિક ફિટનેસ જાળવી રાખવી ખૂબ જ જરૂરી છે. આ સફળતા સતત રિયાઝ, મહેનત અને પરિવાર તેમજ વિભાગના સાથ-સહકારનું પરિણામ છે."

# અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે પોલીસ કર્મચારીઓ માટે રહેણાક આવાસો, પુસ્તકાલય, બાળ મંદિર અને જન સંપર્ક કાર્યાલયનું લોકાર્પણ




ગુજરાત રાજ્યની રક્ષાશક્તિ વધુ પ્રબળ બનાવવા અને પોલીસ કર્મચારીઓના કલ્યાણ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા આજે અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નવીન પોલીસ હેડ ક્વાર્ટર્સ, મોડાસા-શામળાજી હાઈવે પર સી-૨૦, ડી-૮ અને ઈ-૨ કક્ષાના રહેવાણક આવાસો તેમજ પોલીસ વેલ્ફેર ફંડ સંચાલિત પુસ્તકાલય (લાયબ્રેરી), બાળ મંદિર તેમજ જન સંપર્ક કાર્યાલયનું લોકાર્પણ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (નાણાં, પોલીસ હાઉસિંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી) શ્રી કમલેશભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો) શ્રી પી. સી. બરંડા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે માનનીય મંત્રીશ્રી પી. સી. બરંડાએ સંબોધન કરતાં જણાવ્યું કે, "ગુજરાત સરકાર પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ છે. આજે અરવલ્લી જિલ્લામાં જે રહેવાણક આવાસો, પુસ્તકાલય, બાળ મંદિર અને જન સંપર્ક કાર્યાલયનું લોકાર્પણ થઈ રહ્યું છે તે સુવિધાઓની સાથે પોલીસ કર્મચારીઓના મનોબળને વધારનારી અને તેમના કુટુંબના સુખ-સમૃદ્ધિની દિશામાં એક મહત્ત્વનું પગલું છે. આદિજાતિ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે પોલીસ કર્મચારીઓને સારું આવાસ અને પરિવાર માટે શિક્ષણ તથા સાંસ્કૃતિક સુવિધાઓ પૂરી પાડવી અત્યંત આવશ્યક છે. બાળ મંદિર દ્વારા પોલીસ કર્મચારીઓના બાળકોને સારું શિક્ષણ મળશે અને પુસ્તકાલય દ્વારા જ્ઞાન વૃદ્ધિ થશે. જન સંપર્ક કાર્યાલયથી નાગરિકોને પોલીસ વિભાગ સાથે સીધો સંપર્ક સાધવાની સુવિધા મળશે, જેનાથી પારદર્શિતા અને વિશ્વાસ વધશે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની સરકારને અભિનંદન આપું છું અને આ સુવિધાઓનો મહત્તમ ઉપયોગ કરીને પોલીસ દળને વધુ કાર્યક્ષમ બનાવવા અપીલ કરું છું."

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી શ્રી કમલેશભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, "ગુજરાત રાજ્યની રક્ષાશક્તિને વધુ પ્રબળ બનાવવાના અમારા સંકલ્પને આજનો આ કાર્યક્રમ વધુ મજબૂતી આપે છે. પોલીસ કર્મચારીઓ રાજ્યની સુરક્ષાના પહરેદાર છે. તેમને સારું આવાસ, તેમના બાળકોને શિક્ષણની સુવિધા અને પોતાના વ્યક્તિગત વિકાસ માટે પુસ્તકાલય જેવી સુવિધાઓ મળે તો તેઓ વધુ ઉત્સાહ અને નિષ્ઠા સાથે સેવા આપી શકે. આજે અરવલ્લી જિલ્લામાં સી-૨૦, ડી-૮ અને ઈ-૨ કક્ષાના રહેવાણક આવાસોનું લોકાર્પણ કરીને અમે પોલીસ કર્મચારીઓના પરિવારોને સ્થિરતા આપી છે તેમજ પોલીસ વેલ્ફેર ફંડ દ્વારા સંચાલિત પુસ્તકાલય અને બાળ મંદિરથી કર્મચારીઓના બાળકોને વહેલી વયથી જ સારું વાતાવરણ મળશે. જન સંપર્ક કાર્યાલય દ્વારા નાગરિકોની ફરિયાદો અને સમસ્યાઓનું ઝડપી નિરાકરણ થઈ શકશે. અમારી સરકાર પોલીસ હાઉસિંગ, જેલ સુધારણા, સરહદી સુરક્ષા અને નશાબંધી જેવા ક્ષેત્રોમાં સતત કાર્યરત છે. હું અરવલ્લી જિલ્લાના પોલીસ વહીવટને અને તમામ કર્મચારીઓને અભિનંદન આપું છું અને આ સુવિધાઓનો યોગ્ય ઉપયોગ કરીને જિલ્લાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અનુરોધ કરું છું."

આ કાર્યક્રમ દરમિયાન માનનીય મંત્રીશ્રીઓએ નવા આવાસો અને અન્ય સુવિધાઓનું અવલોકન કર્યું અને પોલીસ કર્મચારીઓ સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓ વિશે જાણકારી મેળવી. હાજર રહેલા સાંસદ, ધારાસભ્યો અને અધિકારીઓએ પણ આ પહેલને વખાણી અને પોલીસ દળના મનોબળ વધારવા માટે આવા પ્રયાસો ચાલુ રાખવાની અપીલ કરી. અરવલ્લી જિલ્લા પોલીસ વહીવટ દ્વારા આયોજિત આ લોકાર્પણ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ પગલું ગુજરાત સરકારની પોલીસ કર્મચારીઓ પ્રત્યેની સંવેદનશીલતા અને તેમના કલ્યાણ માટેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ ઉદાહરણ છે.

કાર્યક્રમમાં પ્રેરક ઉપસ્થિતિ તરીકે માનનીય સાંસદ સભ્યશ્રી શ્રીમતી શોભનાબેન બારૈયા (સાબરકાંઠા-અરવલ્લી), જિલ્લા પંચાયત અરવલ્લીના પ્રમુખશ્રી શ્રી મયુરકુમાર આર. પટેલ, માનનીય ધારાસભ્યશ્રી શ્રી ભીખુસિંહજી પરમાર (મોડાસા) અને માનનીય ધારાસભ્યશ્રી શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ ઉપસ્થિતિ તરીકે નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર રેન્જ શ્રી વિરેન્દ્ર સિંહ યાદવ આઈ.પી.એસ. તથા નિમંત્રક તરીકે પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસા શ્રી મનોહરસિંહ એન. જાડેજા આઈ.પી.એસ.ની હાજર રહ્યા હતા . આ ઉપરાંત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ દ્વારા અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ દેવાયત ધામ (દેવરાજધામ)ની પવિત્ર મુલાકાત લેવામાં આવી હતી. આ અવસરે મંત્રીશ્રીએ ધામમાં વિરાજમાન ભગવાન રામદેવપીર તથા દેવાયત પંડિતની સમાધિના દર્શન કરીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા અને પરંપરાગત આરતી-પૂજામાં ભાગ લીધો. મુલાકાત દરમિયાન તેઓએ ધામના મહંતશ્રી તથા વહીવટી અધિકારીઓ સાથે મુલાકાત કરીને સ્થળની ઐતિહાસિક મહત્તા, સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી મેળવી. મંત્રીશ્રીએ ધાર્મિક સ્થળોના સંરક્ષણ, સ્વચ્છતા અને વિકાસ કાર્યોને પ્રોત્સાહન આપતાં જણાવ્યું કે આવા આસ્થાના કેન્દ્રો સમાજમાં સદભાવ અને એકતા વધારે છે.

તસવીર અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

# ભવન્સ કૉલેજ ડાકોરમાં સંસ્કૃત વિભાગ દ્વારા ' સંસ્કૃત મહોત્સવ ' યોજાયો



ભવન્સ કોલેજ ડાકોરના સંસ્કૃત વિભાગ દ્વારા અને ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના નિર્દેશ અનુસાર સંસ્કૃત મહોત્સવનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સંસ્કૃતમાં સ્વાગત નૃત્ય, સંસ્કૃત નાટકના સંવાદ, શ્લોક પઠન, સંસ્કૃત પરિચય, સ્તોત્ર પઠન, સંસ્કૃતમાં વક્તવ્ય તેમજ એકપાત્ર અભિનય વગેરે ૧૬ જેટલા વિવિધ કાર્યક્રમો ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં કર્યા હતા. આ પ્રસંગે ડાકોર સંસ્કૃત પાઠશાળાના આચાર્ય અનિલ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા તેમજ કોલેજના કાર્યકારી આચાર્ય ડો. સહજ ગાંધી ,ઉપાચાર્ય ડો.એ.કે ચૌધરી આઇક્યુ એસી કન્વીનર ડો. ઈશિતા પટેલ સંસ્કૃત ના અધ્યક્ષ ડો.વિ.જી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્રના માનદ મંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધી અને સંચાલક મંડળના તમામ સભ્યોએ આ કાર્યક્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.




S&P Global એ દ્રષ્ટિહીન યુવાનોને તેમના શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ માટે ડિજિટલ સામગ્રી સુધીની પહોંચ વધારવાના ઉદ્દેશ્ય સાથે ૮૫ રિફર્બિશ્ડ (નવીનીકૃત) લેપટોપનું વિતરણ કર્યું. આ ત્રીજી વખત છે જ્યારે આ અગ્રણી વૈશ્વિક કંપની યુવાનોને લેપટોપ પૂરા પાડવા માટે આગળ આવી છે. S&P Global ના શ્રી અંકુર શાહ અને તેમની ટીમ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી મેળવવા માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા. ﾠ૭ ના અધિકારીઓએ S&P Global ના આ કાર્યની ખૂબ જ પ્રશંસા કરી.

# પૂજા કરો કે તપસ્યા કરો, પણ દિલમાં દયા ન હોય તો બધું નકામું! (સંત સુરા)

પૂજા કરો કે અભિષેક કરો, આરતી કરો કે સેવા કરો. આજના સમયમાં બધા ભક્તિમાં લાગેલા છે. પુરુષોત્તમ માસ આવે એટલે લોકો ભૂખ્યા પેટે તપસ્યા કરે, ઉપવાસ કરે, મંદિરે જાય. પણ સવાલ એ છે કે આ બધું કરવાથી ભગવાન રાજી થાય છે ખરો?

આપણે મંદિરમાં જઈને ફૂલ ચડાવીએ, નારિયેળ વધેરીએ, અભિષેક કરીએ. પણ ઘરે આવીને જો મનમાં માયા હોય, કોઈના માટે ઈર્ષા હોય, તો એ પૂજાનો શું અર્થ? ભગવાન મૂર્તિમાં નથી, ભગવાન આપણા કર્મમાં છે.એક વાત યાદ રાખો - ભૂખ્યા પેટે તપસ્યા કરવી સહેલી છે, પણ ભૂખ્યાને જમાડવો અઘરો છે. આપણે પોતે ઉપવાસ કરીએ છીએ, પણ બાજુમાં કોઈ ભૂખ્યું સુતું હોય તો એની આપણને પડી નથી. આ તે કેવી ભક્તિ?

શાસ્ત્રો કહે છે - મનમાં માયા અને દિલમાં દયા ન હોય તો ભગવાન ક્યારેય રાજી ન થાય. માયા એટલે લોભ, સ્વાર્થ. દયા એટલે બીજાના દુ:ખને સમજવું. જેના દિલમાં દયા નથી, એ ગમે એટલી માળા ફેરવે તોય ભગવાન દૂર જ રહે.એના માટે સારા કર્મોની જરૂર પડે. કર્મ જ પૂજા છે. તમે કોઈ ગરીબને મદદ કરો, કોઈ રડતાને હસાવો, કોઈના કામ આવો - એ જ સૌથી મોટી પૂજા છે. ભગવાનને તમારા નારિયેળની જરૂર નથી, ભગવાનને તમારા સારા સ્વભાવની જરૂર છે.

ખેર, રખે એ યાદ કરો કે, શક્તિથી ભક્તિ તો રાવણ પણ ખૂબ જ કરતો હતો! અલબત, રાવણ જેવો શિવભક્ત કોઈ નહોતો. રોજ શિવલિંગને પોતાના માથા વાઢીને ચઢાવતો. વેદોનો જાણકાર, મહા પંડિત. પણ એના કર્મ સારા નહોતા. એના મનમાં અભિમાન હતું, બીજાની બહેન-દીકરી પર નજર હતી. એટલે એની શક્તિ - ભક્તિ બન્નેઊ નકામી ગઈ. અંતે એનું સર્વનાશ થયું .એટલે જ ચુસ્ત અને મક્કમપણે ભારપૂર્વક કહું છું કે, પૂજા કરો, પણ સાથે સારા બનો. અભિષેક કરો, પણ સાથે બીજાને માફ કરતા શીખો. આરતી ગાવ, પણ સાથે કોઈનું દિલ ન દુઃભાવો. પુરુષોત્તમ માસમાં તપસ્યા કરો, પણ સાથે તપાસ કરો કે તમારા મનમાં કોઈના માટે કડવાશ કે, વેરઝેર અન્ય કોઈ બીજા પ્રત્યે તો નથી ને?!

ભગવાનને રાજીડા કરવા માટે અને રાજીપો મેળવવા વાસ્તે મોટા અને ખોટા ખર્ચની કોઈ જ જરૂર નથી. એક નાનું સારું કામ, એક મીઠું વચન, એક દયાનો ભાવ - ભગવાન એનાથી જ રાજી થઈ જાય છે! હરહર મહાદેવ! ૐ નમોઃ શિવાય!

લેખકઃ સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા)સુરત




૭૦ મી અખિલ ભારતીય શાળાકીય રમતો ની સ્પર્ધા અંતર્ગત મોડાસા સી જી બુટલા હાઈસ્કુલ ના મેદાન ખાતે અરવલ્લી જિલ્લા હેન્ડબોલ ટુર્નામેન્ટ નો શુભારંભ ઈલેક્ટ્રોનિક્સ મીડિયા એસોસિએશન ના પ્રમુખ શૈલેષ પંડ્યા ના હસ્તે કરાયોહાલ વિધાર્થીઓ ને અભ્યાસ ની સાથે રમતો પણ તેમના ગળતર માં ખૂબ ઉપયોગી સાબિત થતી હોય છે અને આ બાબતે સરકારે પણ ભાર મૂક્યો છે અને વિવિધ રમતો દ્વારા વિધાર્થીઓ ને પ્રોત્સાહિત કરવામા આવતી હોય છે ત્યારે આજે અરવલ્લી જિલ્લા ના મુખ્યમથક મોડાસા ખાતે આવેલ સી જી બુટલા હાઈસ્કુલ ખાતે જિલા કક્ષાની હેન્ડબોલ ટુર્નામેન્ટ નો શુભારંભ કરાયો આ ટુર્નામેન્ટ માં જિલ્લા ના તમામ તાલુકાઓ માંથી વિધાર્થીઓ એ ભાગ લીધો છે બે દિવસ ચાલનારી આ ટુર્નામેન્ટ માં વિજેતા ટીમ ને પ્રમાણપત્ર અને રોકડ ઈનામ આપશેસમગ્ર કાર્યક્રમ અરવલ્લી જિલ્લા ઈલેક્ટ્રોનિક્સ મીડિયા એસોસિએશન ના પ્રમુખ શૈલેષ કે પંડ્યા ના અધ્યક્ષ સ્થાને યોજાયો જ્યારે મુખ્ય મહેમાન તરીકે નગરપાલિકા પૂર્વ પ્રમુખ નીરજ શેઠ,શાળા ના આચાર્ય ભટ્ટ સાહેબ,ઈલેક્ટ્રોનિક્સ મીડિયા ગ્રુપ ના સમીર બલોચ,હાર્દિક પટેલ,સંકેત પટેલ,જયદીપ ભાટિયા,બાબુસિંહ ચૌહાણ,અંકિત ચૌહાણ, સિરાજ ખેરાડા,હિતેન્દ્ર પટેલ,દેવાંગ ચૌધરી,વિનોદ ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# ' શ્રી ગૌરાંગ વ્યાસને સાદર શ્રદ્ધાંજલિ '

## 'વ્યાસ' અટક સાથે જાણેઅજાણે એક સાથે બે નામ મનમાં ઉપસી આવે




### શ્રી અવિનાશ વ્યાસ અને શ્રી ગૌરાંગ વ્યાસ.

'વ્યાસ' એટલે વર્તુળના મધ્ય બિંદુમાંથી પસાર થઈ બંને બાજુને સ્પર્શ કરતી રેખા. ગુજરાતી સુગમસંગીતના કેન્દ્ર એટલે કે મધ્યબિંદુથી લઈને વર્તુળને સ્પર્શતી રેખા આ બંને નામમાં જ જાણે સમાઈ જતી લાગે એવી બંનેની પ્રતિભા.

હમણાં જ 'સુર શબ્દનું સરનામું' નામથી વ્યાસ પરિવારનાં જીવનચરિત્રની ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ મળી. એમાં શ્રી ગૌરાંગ વ્યાસે એમને મળેલા સંગીત વારસાનું શ્રેય માતા-પિતાને આપતી વાત કરી છે.

વાત સાવ સાચી જ તો.

ગુજરાતી ચલચિત્રસંગીત તેમજ સુગમસંગીતના પ્રણેતા, સ્વરનિયોજક પિતા શ્રી અવિનાશજી અને વસુમતીબહેને આપેલો સંગીતસંસ્કારનો વારસો શ્રી ગૌરાંગભાઈએ દીપાવ્યો.

સાવ છ વર્ષની ઉંમરથી ગૌરાંગ વ્યાસ હાર્મોનિયમ પર 'વૈષ્ણવજન' વગાડ્યું એ સાંભળીને અવિનાશ વ્યાસે એમનું કૌશલ્ય પારખી લીધું હતું, છતાં મુંબઈની પોદાર હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ, અમદાવાદની એન્જિનિયરિંગ કૉલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા, મુંબઈની ખંડેલવાલ એન્જિનિયરિંગ કંપનીથી વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરી, પણ મૂળે સંગીતનો જીવ સંગીત તરફ જ વળ્યો.

'ઉપર ગગન વિશાળ', 'જેસલ તોરલ', 'લાખો ફૂલાણી'માં સંગીત આપ્યા પછી વણથંભી સફળતાની કેડીએ આગળ વધતા રહ્યા.

મઝાની વાત તો એ કે ગૌરાંગ વ્યાસે હિન્દી ફિલ્મજગતના લોકપ્રિય પાર્શ્ર્વગાયક કિશોરકુમાર, આશા ભોંસલે, સુમન કલ્યાણપુર, મહેન્દ્ર કપૂર, પ્રીતિ સાગર, ભૂપેન્દરસિંઘ પાસે પણ ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગવડાવ્યા. એથી વિશેષ આનંદ અને ગૌરવની વાત 'પારકી થાપણ'નું કન્યાવિદાય-ગીત 'દીકરી તો પારકી થાપણ કહેવાય' સ્વર કિન્નરી લતા મંગેશકર પાસેથી ગવડાવ્યું.

કેતન મહેતા દ્વારા નિર્મિત 'ભવની ભવાઈ'માં ગૌરાંગ વ્યાસના સંગીતે ફિલ્મની સાથે ગૌરાંગ વ્યાસને પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સન્માન મળ્યું.

ગૌરાંગ વ્યાસને ગુજરાતી ફિલ્મોમાં સંગીતકાર તરીકે કીર્તિ તો પ્રાપ્ત થઈ જ છે સાથે ગુજરાતી ફિલ્મોમાં શ્રેષ્ઠ સંગીત માટેના લગભગ ૧૧ પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

ગુજરાતી સુગમસંગીતના ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ પ્રદાન કરવાની સાથે ગુજરાતના સુપ્રસિદ્ધ ગીત-કવિઓ-ગઝલકારોની રચનાઓનાં વિક્રમ સ્વરૂપ કહી શકાય એવા ૫૦૦થી વધુ સ્વરાંકનો કર્યાં.

ગુજરાતી રાસ-ગરબાને પોતાના સ્વરનિયોજનથી તેમણે લોકપ્રિય બનાવવાની સાથે કેટલીક નૃત્યનાટિકા, ટેલિવિઝન-શ્રેણી, લોકસંગીત અને ભજનસંગીતના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રદાન આપ્યું.

૧૯૬૧માં અમદાવાદમાં ગુજરાતી સુગમ સંગીતના પ્રચાર-પ્રસાર માટે સ્થપાયેલી 'શ્રુતિ' સંસ્થાના તેઓ રાહબર રહ્યા.

એચ.એમ.વી.એ ગૌરાંગ વ્યાસના સંગીત-નિર્દેશન હેઠળ 'શ્રવણમાધુરી' અને 'સાગરનું સંગીત' રેકૉર્ડ્ઝ તૈયાર કરી હતી. ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળની 'ગીત રે ગીત' શ્રેણીમાં પણ તેમનું સંગીત છે.

ગૌરાંગ વ્યાસે ગુજરાતી ગીત-સંગીતને પરંપરા અને પ્રયોગશીલતાની દષ્ટિએ અતિ લોકપ્રિય બનાવ્યું.

આજે ગૌરાંગ વ્યાસ દેહસ્વરૂપે આપણી વચ્ચે હયાત નથી, પણ શબ્દ, સૂર અને સંગીત છે ત્યાં સુધી એ લોકમાનસમાં સતત ગુંજતા રહેશે.

અનુપમ સૂરનો લય થયો પણ નાદબ્રહ્મ શાશ્વત છે..

ગુજરાત, ગુજરાતીઓ અને ગુજરાતી સુગમસંગીતના ગૌરવ સમા શ્રી ગૌરાંગ વ્યાસને સાદર શ્રદ્ધાંજલિ.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat